GJMH010024532026

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૮/૦૭/૨૦૨૬ | | |
| રજીસ્ટ્રેશન તારીખ | ૦૮/૦૭/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૧૪/૦૭/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૬ |

## મહેસાણાના ચોથા અધિક સેસન્સ જજશ્રીની અદાલતમાં, મહેસાણા

ફોજદારી પરચુરણ અરજ નંબર: ૮૩૨/૨૦૨૬
આંક:

(૧) **ચૌધરી ગોવિંદભાઈ વિરસંગભાઈ**
ઉ.વ.૮૦, ધંધો–ખેતી,
રહે.૨૧–૨૨, મંગલેશ્વર સોસાયટી,
નાગલપુર, મુ.જી.મહેસાણા.

(૨) **ચૌધરી ગીરીશકુમાર ગોવિંદભાઈ**
ઉ.વ.૪૬, ધંધો–વેપાર,
રહે.૨૧–૨૨, મંગલેશ્વર સોસાયટી,
નાગલપુર, મુ.જી.મહેસાણા. ......**અરજદાર**

**વિરૂધ્ધ**

**ધી સ્ટેટ ઓફ ગુજરાત** .....**સામાવાળા**

**બાબત ::** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૨ મુજબ આગોતરા જામીન અરજી

| | |
|---|---|
| **ગુન્હો** | બી.એન.એસ. કલમ–૩૧૬, ૩૧૮ (ભા.ફો.ધા. કલમ–૪૦૬, ૪૨૦) મુજબ |
| | લાંઘણજ પો.સ્ટે. |

| | |
|---|---|
| | ગુના રજી.નં.—— |

.................................................................................
અરજદાર તરફે :— વિ.વ.શ્રી એસ.જી.શાહ
સામાવાળા તરફે :— વિ.એડી.પી.પી.શ્રી એન.એસ.શાહ
.................................................................................

**<u>: જજમેન્ટ :</u>**

**(૧)** આ કામના અરજદારને તેઓની સામે લાંઘણજ પો.સ્ટેશન દ્વારા બી.એન.એસ. કલમ—૩૧૬, ૩૧૮ (ભા.ફો.ધા. કલમ—૪૦૬, ૪૨૦) મુજબના ગુના સામે સમાધાન કરવા દબાણ કરી કહેવામાં આવેલ કે, જો સમાધાન ન કરીએ તો ફરિયાદ દાખલ કરી ધરપકડ કરવામાં આવશે. અરજદારને એવુ જણાવવામાં આવેલ કે, તેમના વિરુદ્ધ અરવિંદભાઈ ચંદુભાઈ પટેલે અરજદારો પાસેથી રૂ.૭,૦૦,૦૦,૦૦૦/—(સાત કરોડ) લેવાના બાકી છે તેમ જણાવી અરજદાર વિરુદ્ધ છેતરપીંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ દાખલ કરવા અરજી આપેલ છે. વધુમાં કહેલ કે, તેઓ ઉપર દબાણ છે જેથી જો સમાધાન કરી લેશો તો બરાબર છે નહીતર ફરિયાદ દાખલ કરીને તમારી ધડપકડ કરવી પડશે. જેથી પોલીસ તેઓની અટક કરે તેવી અરજદારોને દહેશત હોય અરજદારે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ—૪૮૨ મુજબ આગોતરા જામીન મેળવવા હાલની અરજી કરેલ છે. અરજદારે એવું જાહેર કરેલ છે કે, અરજદારની આ પ્રથમ વખતની જામીન અરજી છે, અગાઉ કોઈ કોર્ટમાં જામીન અરજી કરેલ નથી કે પેન્ડીંગ નથી.

**(૧.૧)** અરજદાર તરફે તેની અરજી સાથે નીચે મુજબના દસ્તાવેજો રજુ કરેલા છે.

૧. માર્ક—૪/૧ થી અરજદાર નં.૧ એ મહેસાણા બી ડીવીઝન પો.સ્ટેશને કરેલ અરજી—સામેલ કાગળો સહિતની સ્થળપ્રત નકલ,

૨. માર્ક–૪/૨ થી અરજદાર નં.૨ એ મહેસાણા એ ડીવીઝન પો.સ્ટેશને કરેલ અરજી–સામેલ કાગળો સહિતની સ્થળપ્રત નકલ,

૩. માર્ક–૪/૩ થી અરજદાર નં.૨ ની પત્ની પાલકાબેને મહેસાણા એ પો.સ્ટેશને કરેલ અરજી–સામેલ કાગળો સહિતની સ્થળપ્રત નકલ,

૪. માર્ક–૪/૪ થી અરજદાર નં.૨ એ અરવિંદભાઈ અને ધ્રુવ વિરુદ્ધ કરેલ કો.સી.સ્યુટના કામે મીડીએશનમાં દાખલ કરેલ અરજીની સ્થળપ્રત પ્રીન્ટ,

૫. માર્ક–૪/૫ થી અરજદાર નં.૨ એ અરવિંદભાઈ અને ધ્રુવ વિરુદ્ધ કરેલ રે.સી.સ્યુટ નં.૫૦/૨૦૨૬ ની દાવા અરજીની સ્થળપ્રત પ્રીન્ટ રજુ કરેલ છે.

(૨) અરજી દાખલ થતા સામાવાળા સરકારશ્રીને નોટીસ કરતાં સરકારશ્રી તરફે વિ.એડી.પી.પી.શ્રી હાજર થયેલ છે.

**<u>અરજી હકીકત</u> :–**

(૩) અરજદારની અરજીની હકીકતો એવી છે કે, અરજદાર નં. ૧ એ અરવિંદભાઈ ચંદુભાઈ પટેલ અને તેના દીકરા ધ્રુવ અરવિંદભાઈ પટેલ વગેરે વિરુદ્ધ રૂ.૩,૪૩,૪૮,૦૭૧/– વસૂલ કરવા માટે કોમર્શિયલ સિવિલ સ્યૂટ નં.૨૧/૨૦૨૪ કરેલ છે જે હાલ પેન્ડિંગ છે. ધ્રુવ પટેલ કે જે અરવિંદભાઈ ચંદુભાઈ પટેલનો દીકરો છે તેણે અરજદારો સાથેના વેપારી વ્યવહારો પેટે ચૂકવવા પાત્ર રકમ પૈકી રૂ.૧,૩૦,૦૦,૦૦૦/–ચૂકવવા ચેક આપેલો હતો, જે ચેક જમા કરાવતા પરત આવેલ તેથી તેમના વિરુદ્ધ ને.ઈ. એક્ટ ક. ૧૩૮ મુજબની ફરિયાદ ક્રિમિનલ કેસ નં.૫૪૫૬/૨૦૨૩ ની કરેલ છે જે હાલ પેન્ડિંગ છે. અરજદાર નં. ૨ એ અરવિંદભાઈ અને ધ્રુવ વિરુદ્ધ લેણી રકમ રૂ. ૨,૪૯,૩૦,૮૮૪/–વસૂલ કરવા કોમર્સિયલ સિવિલ

સ્યૂટ કરેલ છે જેમાં હાલ મીડીએશનની કાર્યવાહી માટે પેન્ડિંગ છે જેમાં તેઓ હાજર રહેતા નથી. જ્યારે અમો અરજદાર નં. ૨ ની પત્નીએ પણ લેણી રકમ રૂ.૧,૧૬,૧૨૪/- વસૂલ કરવા અરવિંદભાઈ અને ધ્રુવ વિરુદ્ધ રે. દી. દાવા નં.૫૦/૨૦૨૬ નો કર્યો છે, જે હાલ પેન્ડિંગ છે. આમ, અરજદારે હાલની અરજી કરનાર ચંદુભાઈ પટેલ પાસેથી ઘણી મોટી રકમ વેપારી વ્યવહારો પેટે લેવાની બાકી નીકળે છે તેથી તેવી લેણી રકમ આપવી ન પડે તે માટે અને સમાધાન કરવાનું દબાણ કરવા માટે અરવિંદભાઈ ચંદુભાઈ પટેલે અરજદારો વિરુદ્ધ ખોટી અરજી કરી છે અને પોલીસ ખાતા દ્વારા સર્માધાન કરવા દબાણ કરવામાં આવી રહ્યું છે અને જો સમાધાન ના કરીએ તો અરજદારો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરીને ઘરપકડ કરવામાં આવશે તેવું જણાવેલ હોઈ અને અરજદારોએ કોઈ ગુનો ન કર્યો હોવા છતાં કોઈપણ જાતના વ્યાજબી કારણ વગર ઘરપકડ કરવામાં આવશે તેવી દહેશત હોઈ આગોતરા જામીન મેળવવા હાલની અરજી કરેલ છે જેના કારણોમાં જણાવેલ છે કે, અરજદાર નં.૧ એ અરવિંદભાઈ ચંદુભાઈ પટેલ વિરુદ્ધ કરેલ કોમર્શિયલ સિવિલ સૂટ નં. ૨૧/૨૦૨૪ નકલ રજૂ કરેલ છે. અરજદારે કોઈ ગુનો કર્યો નથી, અરજદારો વિરુદ્ધ ખોટી અરજી કરવામાં આવેલ છે, અરજદારો મહેસાણા મુકામે ઉપર જણાવેલ સરનામે કુટુંબ સાથે રહે છે અને વેપાર તથા ખેતી કરી ગુજરાન ચલાવે છે. પક્ષકારો વચ્ચે દીવાની તકરાર છે, જેને ફોજદારી સ્વરૂપ આપી અયોગ્ય લાભ મેળવવા પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. અરજદારોની કસ્ટોડિયલ ઇન્ટ્રોગેશનની કોઈ જરૂરિયાત નથી. અરજદારો કુટુંબ અને મિલકત ધરાવે છે જેથી નાસી ભાગી જાય તેમ નથી. અરજદારો મહેસાણા મુકામે રહે છે અને ફરિયાદી અમદાવાદ મુકામે રહે છે જેથી સાહેદોને ધાક ધમકી આપવાનો કોઈ પ્રશ્ન નથી. ફરિયાદની તપાસ અને પોલીસ કેસના કામે તથા નામદાર કોર્ટમાં કેસના કામે સમયસર અને રેગ્યુલર હાજર રહેવા બાંહેધરી આપે છે. વાસ્તવિક તકરાર દીવાની

પ્રકારની છે તેથી ફરી આવો ગુનો કરવાનું કોઈ કારણ નથી. અદાલત જે રકમના જામીન આપવાનું ફરમાવે તે રકમના જામીન આપવા અરજદાર તૈયાર છે તથા જે કોઈ શરતોનું ફરમાન કરવામાં આવે તે શરતોનું પાલન કરવા અરજદાર તૈયાર છે. જેથી આ અરજી મંજુર કરી અરજદારને જામીન પર મુક્ત કરવા હુકમ ફરમાવવા વિનંતી કરેલ છે.

(૪) અરજદારની અરજી અન્વયે લાંઘણજ પોલીસ સ્ટેશન નોટીસ કરતા એ.પી.પી.શ્રી મારફત પી.આઈ. શ્રી હાજર રહેલ અને આંક–૬ થી તેવુ જાહેર કરેલ છે કે, આ કામે અરજી મુજબની કોઈ ફરિયાદ કે અરજી લાંઘણજ પોલીસ સ્ટેશનમાં આવેલ નથી કે ગુનો દાખલ થયેલ નથી કે કોઈ તપાસ ચાલુ નથી. જેથી અરજદારના વિ.વ.શ્રીએ એ હકીકત ધ્યાને લઈ હાલ આગોતરા જામીન અરજી આગળ ચલાવવી જરૂરી ન હોઈ, જરૂર પડે ફરી દાખલ કરવાની શરતે પરત ખેંચતા હોવાનુ આંક–૭ થી જાહેર કરેલ છે. જેથી મુળ અરજી વિડ્રો કરતા હોઈ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## : હુકમ :

(૧) અરજદાર **નં.૧ ચૌધરી ગોવિંદભાઈ વિરસંગભાઈ તથા નં.૨ ચૌધરી ગીરીશકુમાર ગોવિંદભાઈ**ની હાલની પરચુરણ ફોજદારી અરજી નં.૮૩૨/૨૦૨૬, આગોતરા જામીન ઉપર મુકત થવાની અરજી, આંક–૭ થી વિડ્રો કરતા હોઈ કેંસલ કરવામાં આવે છે.

હુકમ, આજરોજ તા.૧૪, જુલાઈ સને ૨૦૨૬ ના રોજ મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૪/૦૭/૨૦૨૬
સ્થળ : મહેસાણા

**(રમેશકુમાર બાબુભાઇ ઇટાલીયા)**
ચોથા એડી.ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ
મહેસાણા
(યુ.આઇ.સી.નં.જીજે૦૦૮૨૪)

(P.A/N.R.Kadiya)